KRISHNA
CAPITAL & SECURITIES LTD.

**August 21, 2025**

To,
The Listing Department
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers
Dalal Street,
Mumbai: 400 001

Ref: **Script Code: 539384**
Sub: **Newspaper Publication Regarding 31st Annual General Meeting**

Dear Sir / Madam,

Please Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith copies of newspaper advertisement published in newspapers, viz. Lok Mitra (Vernacular Language) and Freepress (English daily) on **August 21, 2025**, regarding 31st Annual General Meeting of the Company will be held on **Friday, September 19, 2025** at 04:00 PM through Video Conference / Other Audio-Visual Means.

The above information is also available on the website of the Company www.kcsl.co.in.

Kindly take the same on record.

Thanking you,

Yours faithfully,
For, **Krishna Capital & Securities Limited**

ASHOKKUMAR BABULAL AGRAWAL

Digitally signed by ASHOKKUMAR BABULAL AGRAWAL
DN: C=IN, PostalCode=380015, S=GUJARAT, STREET="AHMADABAD,SATELLITE ,380015", L=AHMADABAD, O=Personal, SERIALNUMBER=b2f1d10da2c80fb1d29c9fb424969857f116b157fcbe59e4d0b33c6bb48b0ce4, OID.2.5.4.65=68646073da2343099b997a09dd31f636, Phone=498bcf7b5126a2052c78183570e527fc025884622b088c6ca6fa5b231092d9ea, E=ASHOK8093@YAHOO.COM, CN=ASHOKKUMAR BABULAL AGRAWAL
Reason: I am the author of this document
Location:
Date: 2025.08.21 13:13:00+05'30'
Foxit PDF Editor Version: 12.1.0

**Ashokkumar Agrawal**
**(Managing Director)**
(DIN 00944735)

REGD. OFFICE :403, Mauryansh Elanza, Nr. Parekh Hospital, Shyamal Cross Road, Satellite, Ahmedabad - 380 015.
Tel. : (079) 2676 8572, 2676 8573 Fax : + 91 - 79 - 2676 857, CIN: 667120GJ1994PLC023803, E-Mail: ksbspl@yahoo.in, Web Site: www.kcsl.co.in

# કુદરતી સૌંદર્ય અને સાંસ્કૃતિક વારસાની ભૂમિ મિઝોરમ હવે ભારતીય રેલવેના નકશા પર

અમદાવાદ, પૂર્વોત્તર ભારતનું સુંદર અને સાંસ્કૃતિક દ્રષ્ટીએ સમૃદ્ધ રાજ્ય મિઝોરમ હવે ભારતના રાષ્ટ્રીય રેલવે નકશા પર ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરવા જઈ રહ્યું છે. "લેન્ડ ઓફ ધ હિલ પીપલ" તરીકે પ્રસિદ્ધ મિઝોરમ, જે મ્યાનમાર, બાંગ્લાદેશ અને ત્રિપુરા, આસામ અને મણિપુર જેવા ભારતીય રાજ્યોની સીમાઓથી ઘેરાયેલું છે, હવે પ્રથમ વાર સીધા રેલવે નેટવર્કથી જોડાઈ ગયું છે. આની રાજધાની આઈઝોલને રાષ્ટ્રીય રેલવે નેટવર્કથી જોડનારી બૈરાબી-સૈરાંગ નવી રેલવે લાઈનનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જે રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસની દિશામાં એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

આ મહત્વાકાંક્ષી પરિયોજનાની શરૂઆત ૨૯ નવેમ્બર ૨૦૧૪ ના રોજ થઈ હતી જ્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બૈરાબીથી સૈરાંગ સુધી નવી રેલવે લાઈનું ઉદ્ઘાટન વર્ચ્યુઅલ માધ્યમથી કર્યું હતું. તેના પછી ૨૭ મે ૨૦૧૬ ના રોજ વડાપ્રધાન દ્વારા બૈરાબી અને સિલચર વચ્ચે પ્રથમ યાત્રી ટ્રેનને વર્ચ્યુઅલી રવાના કરવામાં આવી હતી. ૨૧ માર્ચ ૨૦૧૬ ના રોજ પ્રથમ બ્રોડ ગેજ માલગાડી બૈરાબી સ્ટેશન પર પહોંચી, જે ૪૨ વેગનોમાં ચોખા લઈને આવી હતી. આ પછી ૧ મે ૨૦૨૫ ના રોજ સૈરાંગ (આઈઝોલ પાસે) સુધી પ્રથમ વાર ટ્રેનનું સફળ ટ્રાયલ રન થયું, જેમાં પૂર્વોત્તર સિમાંત રેલવે (બાંધકામ) ના જનરલ મેનેજર ઉપસ્થિત હતા. આની સાથે જ રેલવે સંરક્ષા કમીશનર (ઝઈજી) દ્વારા અંતિમ સેક્શન — હોર્ટોકીથી સૈરાંગનું નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું, જેનાથી ૫૧.૩૮ કિલોમીટર લાંબી આ રેલવે પરિયોજનાનું નિર્માણ કામ પૂર્ણ થયું અને આઈઝોલ પ્રથમ વાર ભારતના રેલવે નેટવર્ક સાથે સીધું જોડાઈ ગયું.

આ મિઝોરમને ભારતના એ ચાર પૂર્વોત્તર રાજ્યોની યાદીમાં સામેલ કરે છે, જેમની રાજધાની સીધી રેલવે સાથે જોડાયેલી છે. આ પરિયોજનાની કુલ પડતર લગભગ ?૮૦૭૧ કરોડ છે અને આને ચાર સેક્શનમાં પૂર્ણ કરવામાં આવી છે: બૈરાબી-હોર્ટોકી (૧૬.૭૨ કિ.મી.), હોર્ટોકી-કાવનપુઈ (૯.૭૧ કિ.મી.), કાવનપુઈ-મુઆલખાંગ (૧૨.૧૧ કિ.મી.) અને મુઆલખાંગ-સૈરાંગ (૧૨.૮૪ કિ.મી.). આ પરિયોજના હેઠળ ૪૮ સુરંગો (કુલ લંબાઈ : ૧૨,૮૫૩ મીટર), ૫૫ મોટા પુલો, ૮૭ નાના પુલો, ૫ રોડ ઓવર બ્રિજ અને ૬ રોડ અન્ડર બ્રિજનું બાંધકામ કરવામાં આવ્યું છે. આમાંથી પુલ નંબર ૧૯૬ વિશેષ રૂપે ઉલ્લેખનીય છે, જેની ઊંચાઈ ૧૧૪ મીટર છે — જે કુતુબ મીનારથી ૪૨ મીટર વધારે છે. આ પરિયોજનાની એક અનોખી વિશેષતા એ છે કે આમાં મિઝોરમની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સામેલ કરવામાં આવ્યા છે. બૈરાબી-સૈરાંગ રેલવે માર્ગની સુરંગોને મિઝો સંસ્કૃતિને દર્શાવતા સુંદર ભીંતચિત્રોથી શણગારવામાં આવી છે, જેનાથી રેલવે યાત્રા પરિવહનનું માધ્યમ જ નહીં પરંતુ એક સાંસ્કૃતિક અનુભવ બની જાય છે. આ ફક્ત પર્યટનને પ્રોત્સાહન જ નહીં આપે પરંતુ સ્થાનિક કલાને પણ નવી ઓળખ આપશે.

વ્યૂહાત્મક અને આર્થિક દ્રષ્ટિએ આ પરિયોજના પૂર્વોત્તર ક્ષેત્રમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવે છે. દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિઓ અને ટેકનિકલ પડકારોને પાર કરીને આ પરિયોજના હવે ફક્ત માલ અને યાત્રી પરિવહનને જ સુલભ જ નહીં બનાવે, પરંતુ આનાથી પરિવહન પડતરમાં ઘટાડો થશે, પર્યટનને પ્રોત્સાહન મળશે, સ્થાનિક વેપાર અને રોજગારના નવા અવસરો ઉત્પન્ન થશે તથા પૂર્વોત્તર રાજ્યો વચ્ચે સંપર્ક અને એકજૂથતાને બળ મળશે. મિઝોરમ જેવા રાજ્ય માટે આ પરિયોજના વિકાસના દ્વાર ખોલશે અને દેશના મુખ્ય પ્રવાહથી વધુ સશક્ત રૂપે જોડશે.

બૈરાબી-સૈરાંગ રેલવે લાઈન એક પ્રમાણભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજના જ નથી, પરંતુ આ સમાવિષ્ટ વિકાસ, સાંસ્કૃતિક ગર્વ અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે. મિઝોરમ હવે રેલવે મારફતે સમગ્ર ભારતનું સ્વાગત કરવા માટે તૈયાર છે. આ પરિયોજના હેઠળ ઈલેક્ટ્રિફિકેશનનું કામ પ્રગતિમાં છે અને વહેલાંસર પૂર્ણ થવાની શક્યતા છે. આ જ સૈરાંગથી મ્યાનમારની નજીક હિબિચ્યુઆ (Hibichuah) સુધી ૨૨૩ કિ.મીના સર્વેને મંજૂરી મળી ગઈ છે અને વહેલાંસર સર્વેના કામનો આરંભ થઈ જશે.



બૈરાબી-સૈરાંગ રેલવે લાઈન પરિયોજનાના શરૂ થવાથી આ ક્ષેત્રમાં અનેક મહત્વપૂર્ણ અને દૂરગામી પ્રભાવ જોવા મળશે. વર્તમાન સમયમાં આ ક્ષેત્ર પાયાની સુવિધાઓની ઉણપ, સંસાધનોની દુર્લભતા અને નબળા રોડ નેટવર્કને કારણે વિકાસથી ઘણું પાછળ રહી ગયું છે. જીવનનિર્વાહની પડતર અહીં અત્યંત વધારે છે કેમ કે જરૂરી વસ્તુઓ અન્ય રાજ્યો અથવા દૂર-સુદૂરના વિસ્તારોથી આયાત કરવી પડે છે, જેનાથી તેમની કિંમતો વધી જાય છે. પરિવહન સાધનોની ઉણપ અને વિષમ ભૂગોળને કારણે સામાન્ય લોકોની દૈનિક જરૂરિયાતો પૂરી કરવામાં કેટલીય મૂશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બૈરાબી-સૈરાંગ રેલવે પરિયોજના શરૂ થઈ જવાથી આ ક્ષેત્રમાં માલ અને યાત્રી પરિવહન બંનેમાં સુગમતા આવશે. રેલવે માર્ગ દ્વારા સંસાધનની અવરજવર ઝડપી, સુલભ અને સસ્તી થઈ જશે, જેનાથી વસ્તુઓની આપૂર્તિની સાંકળ મજબૂત થશે. પરિણામે, ઉપભોજ્ય વસ્તુઓના ભાવોમાં ઘટાડો થશે અને જીવનનિર્વાહની પડતરમાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળશે. સ્થાનિક વ્યવસાયોને પણ આનો ફાયદો થશે કેમ કે તેઓ હવે બહારના બજારો સુધી પોતાના ઉત્પાદનો સરળતાથી પહોંચાડી શકશે. આ ઉપરાંત, આ રેલવે લાઈન બૈરાબી થઈને રાજ્યની રાજધાની આઈઝોલ સુધી જનારા પર્યટકો માટે એક નવો અને સુવિધાજનક માર્ગ ઉપલબ્ધ કરાવશે. મિઝોરમનું કુદરતી સૌંદર્ય, સાંસકૃતિક વિવિધતા અને શાંત વાતાવરણ પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર છે, પરંતુ આજ સુધી મર્યાદિત કનેક્ટિવિટીને લીધે આ ક્ષેત્રનું પર્યટન સંભાવનાઓને અનુરૂપ વિકસિત થઈ શક્યું નથી. રેલવે સેવા શરૂ થવાથી દેશના અન્ય ભાગોથી આવનારા પર્યટકોની સંખ્યામાં વધારો થશે, જેનાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને નવું પ્રોત્સાહન મળશે અને રોજગારના અવસરો પણ વધશે. આ ક્ષેત્ર ભારતનું મોખરાનું ક્ષેત્ર છે, જે વ્યૂહાત્મક દ્રષ્ટીએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતીય સેના માટે અહીં ઝડપી પહોંચ એક વ્યૂહાત્મક જરૂરિયાત છે. રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાથી સૈન્ય દળો અને જરૂરી સામગ્રીને ઝડપી અને પ્રભાવી રીતે સ્થળાંતરિત કરાવી શકાશે. કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં આ રેલવે માર્ગ એક મહત્વની ભૂમિકા ભજવી શકે છે. કુદરતી આફતો વખતે રાહત અને બચાવ કામ પણ વધુ ઝડપથી શક્ય થઈ શકશે. હવે સ્ટેટ કેપિટલ કનેક્ટિવિટીના કાર્યો સિક્કિમ, ત્રિપુરા, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને આસામ — આ પાંચ રાજ્યોમાં પૂર્ણ થઈ ચુક્યા છે. નાગાલેન્ડ, મણિપુર અને મેઘાલયમાં કાર્યો પ્રગતિ પથ પર છે.

## વિક્રાન એન્જિનિયરિંગ લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર મંગળવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ખૂલશે



અમદાવાદ, વિક્રાન એન્જિનિયરિંગ લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. ૧/- ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શૅર માટે શૅર દીઠ રૂ. ૯૨/- થી રૂ. ૯૭/- ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("IPO" અથવા "ઓફર") મંગળવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૪૮ ઈક્વિટી શૅર માટે અને ત્યારબાદ ૧૪૮ ઈક્વિટી શૅરના ગુણાંકમાં બિડ ભરી શકે છે. IPO એ રૂ. ૭૨૧ કરોડ સુધીના શૅરના નવા ઈશ્યૂ અને રાકેશ અશોક માર્ખેડકર દ્વારા રૂ. ૫૧ કરોડ સુધીના ઓફર ફોર સેલનું મિશ્રણ છે. કંપનીની કાર્યકારી મૂડી જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરું પાડવા માટે તાજા ઈશ્યૂમાંથી મળેલી રકમ રૂ. ૫૪૧ કરોડ જેટલી છે. વિક્રાન એન્જિનિયરિંગ એ સરેરાશ ઉદ્યોગ વૃદ્ધિ અંદાજ અને ધ્યાનમાં લેવામાં આવેલા પીઅરની તુલનામાં FY23-25 દરમિયાન આવક વૃદ્ધિના સંદર્ભમાં ઝડપથી વિકસતી ભારતીય એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ (EPC) કંપનીઓમાંની એક છે (સ્રોતઃ CRISIL રિપોર્ટ) કંપની પાસે વૈવિધ્યસભર પ્રોજેક્ટ પોર્ટફોલિયો છે, જેમાં ઊર્જા અને પાણીના માળખાકીય ક્ષેત્રોમાંથી મોટાભાગની આવક થાય છે. તે ટર્નકી ધોરણે ડિઝાઇન, પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગમાંથી એન્ડ-ટુ-એન્ડ સેવાઓ પૂરી પાડે છે અને પાવર, પાણી અને રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત અનેક ક્ષેત્રોમાં હાજરી ધરાવે છે. (૩-૧)

## બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને કરોડોનો કાંડ કર્યો

વડોદરા,

વડોદરામાં કથિત રીતે બેંકના અધિકૃત એજન્ટોએ અન્ય થર્ડ પાર્ટી એજન્ટો સાથે મળીને ભારતની સૌથી મોટી એવી જીઁ બેંક સાથે કરોડોનો કાંડ કરી નાખ્યો છે. આ કૌભાંડનો મામલો છે વડોદરા શહેરમાં ઈલોરાપાર્ક ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચનો. જ્યાંના ચીફ મેનેજર યજ્ઞેશ પટેલે આ મામલે કુલ ૧૬ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે. આ આખો કાંડ સમજવા માટે ખાસ કરીને ઈલોરાપાર્ક બ્રાન્ચની જીઁ બેંકમાં હોમ લોનની આખી પ્રોસેસ જાણવી જરૂરી છે. ચીફ મેનેજર યજ્ઞેશ પટેલના કહેવા અનુસાર, અહીં હોમ લોન માટે જીઁ બેંક અને પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ નામની એક પેઢી વચ્ચે કરાર થયા છે. જે અનુસાર બેંકમાં કોઈપણ વ્યક્તિ હોમ લોન માટે અરજી કરે, ત્યારે પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પેઢી, તે લોન અરજદારના દસ્તાવેજોને આધારે ફિલ્ડ વિઝિટ કરી, એક રિપોર્ટ તૈયાર કરશે. જેમાં લોન અરજદારની પ્રોપર્ટી, તેની નોકરી, નોકરી પરનો હોદ્દો અને અન્ય જરૂરી દસ્તાવેજોને ધ્યાને લેવાય છે. પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ પેઢી આ તમામ પાસાને ધ્યાને લઈને રિપોર્ટ તૈયાર કરી, બેંકમાં સબમિટ કરે છે અને બેંક આ રિપોર્ટને આધારે લોન મંજૂર કરવી કે કેમ તેનો નિર્ણય કરે છે.

લોન લેનારનું એક જ સપનું હોય છે કે, તેમના પોતાના નામનું એક ઘર હોય. પરંતુ લોન માટેની આ આખી પ્રોસેસમાં હોમ લોન લેનારને પેપર વર્કનું કોઈ જરૂરી જ્ઞાન હોતું નથી, એ માટે તેઓ અન્ય કોઈ એજન્ટનો સંપર્ક કરે છે અને આ બાબતે વધુ કાંઈ વિચાર્યા વિના વચેટીયા એજન્ટો કહે, તેમ લોન અરજદારો કરતા જાય છે. અમુક કિસ્સામાં આ બાબતનો ફાયદો ઉઠાવીને વચ્ચેટીયાઓ કાંડ કરતા હોય છે પરંતુ અહીં ઈલોરાપાર્ક બ્રાન્ચની જીઁ બેંકમાં માત્ર વચેટીયા એજન્ટો જ નહીં, પરંતુ લોનધારકો, પેઢીના કર્મચારીઓ બેંકના અધિકૃત એજન્ટોએ સાથે મળીને કરોડો રૂપિયાનો આ કાંડ કરી નાખ્યો છે આવું પોલીસ ફરિયાદમાં દર્શાવવામાં આવ્યું છે. પોલીસ ફરિયાદ મુજબ, આ કૌભાંડ વર્ષ ૨૦૨૧-૨૨માં થયું છે. આ સમય દરમિયાન ૬ જેટલા અરજદારોએ વચેટીયા એજન્ટોના માધ્યમથી ઈલોરાપાર્ક બ્રાન્ચની જીઁ બેંકમાં હોમ લોન માટે અરજી કરી હતી. જે આ આખી પ્રોસેસ બાદ મંજૂર પણ થઈ, જેની કુલ કિંમત ૧.૯૭ કરોડની છે. પરંતુ સમય જતાં આ તમામ લોનધારકોએ હપ્તા (ઈઁ) ભરવાનું બંધ કરી દેતા બેંકે તપાસ શરુ કરી અને તપાસ દરમિયાન ચોંકાવનારા ઘટસ્ફોટ થતા આખો મામલો પ્રકાશમાં આવ્યો છે.

બેંકે તપાસ માટે લોન ધારકોના દસ્તાવેજોને આધારે બેંકના કર્મચારીઓને ફિલ્ડ વિઝીટ માટે મોકલ્યા હતા. જે દરમિયાન જાણવા મળ્યું કે, ડોક્યુમેન્ટમાં ઉલ્લેખ મુજબ લોનધારકો તે સ્થળે નોકરી કરતા નથી અને આ તમામ દસ્તાવેજો બોગસ છે. એજન્ટોએ આ ૬ લોનધારકો માટે લોનની રકમ મુજબ કોઈને પ્રોજેક્ટ મેનેજર તો કોઈને સ્ટોર સુપરવાઈઝર બતાવીને ખોટા દસ્તાવેજો ઉભા કર્યા છે. આટલું જ નહીં આ એજન્ટોએ ઈક્રમ ટેક્સના ફોર્મ-૧૬, બેંક સ્ટેટમેન્ટ અને પગાર સ્લીપ જેવા દસ્તાવેજો પણ બોગસ રીતે બનાવેલા છે. આ માટે તેમને ૧.૭૦ લાખનું કમિશન મળતું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

તપાસમાં જાણવા મળ્યું કે, આ બોગસ દસ્તાવેજોની ફાઈલ એજન્ટો બેંકમાં સબમિટ કરતા હતા, જે બાદ બેંક અને પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સ વચ્ચેના કરાર મુજબ પ્રવિણચંદ્ર એન્ડ એસોસિએટ્સના કર્મચારીઓ આ લોનધારકોની નોકરીના સ્થળની મુલાકાત લીધી અને ત્યાં લોનધારકોની નોકરી ન હોવા છતાં ઈન્કટેક્સના ફોર્મ-૧૬, બેંક સ્ટેટમેન્ટ અને પગાર સ્લીપ જેવા બોગસ દસ્તાવેજોની સાચા તરીકે ખરાઈ કરી, બોગસ રિપોર્ટ તૈયાર કર્યો હતો અને તેને બેંકમાં સબમિટ કર્યો હતો. જે રિપોર્ટ્સને આધારે બેંકે આ તમામ ૬ અરજદારોને મળીને કુલ ૧.૯૭ કરોડની લોન આપી દીધી હતી. જોકે આ સમગ્ર મામલો પ્રકાશમાં આવતા બેંકના ચીફ મેનેજર યજ્ઞેશ પટેલે આખા કાંડમાં સામેલ ૬ લોનધારકો સહિત, બોગસ દસ્તાવેજો બનાવનાર ૩ એજન્ટો, ફિલ્ડ વિઝીટ કરી ખોટા દસ્તાવેજોની સાચો હોવાની ખરાઈ કરનાર પ્રવિણચંદ્ર એન્ડ એસો.ના ૫ કર્મચારીઓ અને બેંકમાં લોન પાસ કરાવનાર બેંકના ૨ અધિકૃત એજન્ટ મળી કુલ ૧૬ લોકો સામે ફરિયાદ નોંધાવી છે અને પોલીસે હાલ આ મામલે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. દરેક માણસનું સપનું હોય છે કે, તેના નામનું એક ઘર હોય અને આ સપનું પુરુ કરાવવા માટે બેંકોએ સરળ ઉપાય શોધી કાઢ્યો છે હોમ લોન. પરંતુ આ માટે પણ થોડા કાયદા-કાનુન અને પ્રોપર પેપર વર્ક જરૂરી છે.

## સુરતમાં દરરોજ ૨૫૦થી લધુ ઓપીડીના કેસ સામે આવી રહ્યા છે

સુરત, બદલાતા વાતાવરણને લઈને રાજ્યભરમાં રોગચાળો વધ્યો છે. અમદાવાદ, જામનગર, વડોદરા જેવા જિલ્લાઓમાં પણ આ જ સમસ્યા જોવા મળી રહી છે એવામાં સુરતમાં તો જાણે રોગચાળાએ ભરડો લીધો છે. ડાયમન્ડ સિટીમાં રોગચાળો એટલો વધ્યો છે કે, સિવિલ હોસ્પિટલમાં બાળકોના વોર્ડમાં બેડ પણ ખૂટી ગયા છે. જેના એક બેડ પર બે બાળકોને સુવડાવવાની ફરજ પડી હતી. ૨૦૦ બેડની વ્યવસ્થાવાળા બાળકોના વોર્ડમાં તમામ બેડ ફુલ થઈ ગયા છે. આ દરમિયાન રોગચાળાના કારણે બે યુવાનોના મોતની ખબર પણ સામે આવી છે. મળતી માહિતી મુજબ, સુરતમાં દરરોજ ૨૫૦થી લધુ ઓપીડીના કેસ સામે આવી રહ્યા છે. બદલાતા વાતાવરણને કારણે સુરતમાં રોગચાળો વકર્યો છે. આ દરમિયાન સિવિલ તંત્રની બેદરકારી સામે આવી રહી છે. જેમાં એક બેડ પર બે બાળકોને સારવાર આપવામાં આવી રહી છે. સિવિલ દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાના કારણે રોગચાળો ખતમ થવાને બદલે વધી શકે તેવી આશંકા છે. આ વિશે હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું કે, બદલાતા વાતાવરણના કારણે બાળકોમાં બીમારીઓનો દર વધ્યો છે.

## વિવેક દેસાઈનાં ફોટોગ્રાફી એક્ઝીબિશન – 'લંબી કહાનિયાં'નો સત્ય આર્ટ ગેલેરીમાં આરંભ



અમદાવાદ, માનવીની દૈનિક જીવનશૈલીને સહજતાથી દર્શાવતા વિવેક દેસાઈનાં ફોટોગ્રાફી એક્ઝિબિશન- 'લંબી કહાનીયાં'નો સત્ય આર્ટ ગેલેરી, નવજીવન ટ્રસ્ટમાં આરંભ થયો છે. આ પ્રદર્શનમાં કુલ ૫૦ ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ફોટોગ્રાફી એક્ઝિબિશન તા.૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી બપોરે ૧૨ થી રાત્રિનાં ૯ કલાક દરમિયાન ખુલ્લું રહેશે. 'લંબી કહાનીયાં' ફોટોગ્રાફી એક્ઝિબિશન અંગે માહિતી આપતા શ્રી વિવેક દેસાઈએ જણાવ્યું હતું કે આજનાં ડિજીટલ ફોટોગ્રાફીનાં યુગ પહેલાનો યુગ ફિલ્મોનો હતો. 'લંબી કહાનીયાં' ફોટોગ્રાફી એક્ઝિબિશનની ખાસિયત એ છે કે તેમાં તમામ ફોટોગ્રાફસ ફિલ્મ ઉપર શુટ કરવામાં આવ્યા છે, જેમાં હેઝલબ્લેડ X પાનનાં 35 mm પેનોરેમિક કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કેમેરો ૧૯૯૮માં લોન્ચ કરવામાં આવ્યો હતો. આ કેમેરાની ખાસિયત તેની ડ્યુઅલ ફોર્મેટ ક્ષમતા છે. જેમાં સ્ટાન્ડર્ડ ૩૫ દ્વદ્ઘ અને પેનોરેમિક ઈમેજિંગ એમ બંને શુટ કરી શકાય છે. લેન્ડસ્કેપ્સ, સિટી સ્કેપ્સ અને અન્ય દ્રશ્યો માટે આ ફોર્મેટ સચોટ રીતે માફક આવે છે. (૨૨-૧)

## AU સ્મોલ ફાઈનાન્સ બેંકે આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરો ધરાવતા NRE/NRO ખાતાઓ માટે UPI શરૂ કર્યું

અમદાવાદ, ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક, AU સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB) એ તેના નોન-રેસિડેન્ટ એક્સ્ટર્નલ (NRE) અને નોન-રેસિડેન્ટ ઓર્ડિનરી (NRO) ખાતા ધારકો માટે આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરો ધરાવતા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) સેવાઓ શરૂ કરી છે. આ રોલઆઉટ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના નિર્દેશને અનુસરે છે જે આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબરો દ્વારા UPI વ્યવહારોને મંજૂરી આપે છે. આ વધારા સાથે, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ, હોંગકોંગ, મલેશિયા, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા, સિંગાપોર, યુએઈ, યુકે અને યુએસએ સહિત ૧૨ દેશોમાં બિન-નિવાસી ભારતીયો (NRIs) હવે ભારતીય સિમ કાર્ડ વિના NRE/NRO એકાઉન્ટ્સને UPI સાથે લિંક કરી શકશે. તે AU SFB ના ગ્રાહકોને ભારતમાં બિલ ચુકવણી, મની ટ્રાન્સફર અને વેપારી ખરીદી સહિત વિવિધ વ્યવહારો માટે સીમલેસ, સુરક્ષિત અને રીઅલ-ટાઈમ ચુકવણી કરવા સક્ષમ બનાવશે. AU SFB ના અમલીકરણ સાથે, લાયક NRI ગ્રાહકો તેમના આંતરરાષ્ટ્રીય નંબરોનો ઉપયોગ કરીને UPI માટે નોંધણી કરાવી શકે છે, વધારાના શુલ્ક અથવા ભારતીય મોબાઈલ કનેક્શન લીધા વિના ડિજિટલ ચુકવણી સેવાઓની સંપૂર્ણ શ્રેણીનો અવિરત ઍક્સેસનો આનંદ માણી શકે છે. આ વિકાસ વિદેશમાં રહેતા ગ્રાહકો માટે ડિજિટલ બેંકિંગ અનુભવોને વધારે છે, જ્યારે ભારતીય નાણાકીય નિયમોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરે છે.

**NOTICE OF LOSS OF SHARES OF SYMPHONY LIMITED**

**Regd. Off. Address** "Symphony House", Third Floor, FP-12, TP-50, Off S.G. Highway, Bodakdev, Ahmedabad, Gujarat, India, 380059

Notice is hereby given that the following share certificates have been reported as lost/misplaced and the Company intends to issue duplicate certificates in lieu thereof, in due course.
Any person who has a valid claim on the said shares should lodge such claim with the Company at its Registered Office within 15 days hereof.

| Name of the holder(s) | Folio No. | No. of shares (Rs.2/- F.V) | Certificate No.(s) | Distinctive No.(s) |
|---|---|---|---|---|
| Arun Kumar | 017072 | 500 | 1999 | 34405926- 34406425 |
| Anil Kumar | 017072 | 500 | 114915 | 69869501- 69870000 |

Place : Ahmedabad
Date : 21-08-2025
**Name of the Shareholder/Claimant**
**Arun Kumar & Anil Kumar**

**ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.**
**(અગાઉ ઇક્વિટાસ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)**
**કોર્પોરેટ ઓફિસ :** નંબર ૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ચોથો માળ, ફેઝ-૨, અન્ના સલાઇ, ચેન્નાઈ - ૬૦૦૦૦૨.
**શાખા ઓફિસ :** ૩૦૫-૩૦૬, ત્રીજો માળ, અભિશ્રી એડ્રોઇટ, સનરાઇઝ મોલ પાસે, માનસી સર્કલ, જજીસ બંગ્લોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ, ગુજરાત - 380015.

**કબજા નોટિસ**
**(સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૧)) (સ્થાવર મિલકત માટે)**
**લોન/સુવિધા ખાતા નં. 700006748990**

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ અધિકૃત અધિકારી દ્વારા, ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ તેમને પ્રાપ્ત સત્તા નો ઉપયોગ કરીને તા. **૧૧.૦૬.૨૦૨૫** માંગણા નોટિસ જારી કરી અરજદાર/ સહ-અરજદાર /જામીનદાર / ગિરવેદાર **1. શ્રીમતી હિના રાજેશ પટેલ જે રાજેશ પટેલ ની પત્ની, 2. શ્રી રાજેશકુમાર અનિરુદ્ધભાઈ પટેલ** નોટિસ માં જણાવેલ રકમ **રૂ. ૯૧,૧૨,૪૨૩.૪૦/- (રૂપિયા એકાણું લાખ બાર હજાર ચારસો ત્રેવીસ અને ચાલીસ પૈસા પુરા) ૧૧.૦૬.૨૦૨૫** મુજબની રકમ તેમજ ચડત વ્યાજ, પેનલ વ્યાજ, ચાર્જિસ, કોસ્ટ વગેરે એગ્રીમેન્ટ મુજબ આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા જણાવ્યું હતું
અરજદાર/ સહ-અરજદાર /જામીનદાર / ગિરવેદાર રકમ ની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવા થી ખાસ કરીને અરજદાર/ સહ-અરજદાર /જામીનદાર / ગિરવેદાર અને જાહેર જાણતા ને જાણ કરવા માં આવે છે કે નીચે સહી કરેલ સિકયોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વંચાતી જણાવેલ એક્ટ ની કલમ ૧૩(૪) હેઠળ તે/તેણીએ પ્રાપ્ત સત્તા નો ઉપયોગ કરીને અહીં નીચે જણાવેલ મિલકત નો કબ્જો **૧૯.૦૮.૨૦૨૫** ના રોજ લઇ લીધો છે.
ખાસ કરીને અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર /સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર અને જાહેર જનતા ને આથી મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથે નો કોઈ પણ સોદો ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ મુજબની બાકી રકમ થી તેન પર ના વ્યાજ.
સિકયોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ પ્રાપ્ત સમય ના સંબંધ માં જણાવેલ એક્ટ ની કલમ ૧૩ ની પેટા કલમ ૮ ની જોગવાઈઓ પ્રત્યે અરજદાર/ સહ-અરજદાર /જામીનદાર / ગિરવેદાર નું ધ્યાન દોરવામાં આવશે.

**સિકયોરિટીની વિગત**
**હિનાબેન રાજેશકુમાર પટેલ ની માલિકી ની સ્થાવર મિલકત**
**મિલકત ૧ -** સ્થાવર મિલકત નો પ્લોટ નં.૧૭૯, ૧૩૦ ચોરસ મીટર પ્લોટ એરિયા, વૈકુંઠ સોસાયટી, રેવન્યુ સર્વે નં. ૭૫૭ પાયકી, ૭૫૮ પાયકી, ૭૫૯/૧, ૭૫૯/૨, ૭૬૨/૧, ૭૬૨/૨, ૭૬૪, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૯/૧, ૭૬૯/૨, ૭૭૦, ૭૭૧, ૭૭૬, ૭૭૭, ૭૭૮, ૭૭૯, ૭૮૦, ૭૮૧/૧, ૭૮૧/૨ અને ૭૮૩, સિમ ગામ બાપોદ, જિલ્લો અને સબ જિલ્લો વડોદરા. ચતુ: સીમા - ઉત્તર: બ્લોક નં. ૧૭૭, દક્ષિણ: બ્લોક નં. ૧૮૦, પૂર્વ: આર.એસ. નં. ૭૬૩ અને પશ્ચિમ: સોસાયટીનો રોડ.
**મિલકત ૨ -** સ્થાવર મિલકત નો પ્લોટ નં. ૧૭૭, ૨૩૮.૫૬ ચોરસ મીટર પ્લોટ એરિયા, વૈકુંઠ સોસાયટી, રેવન્યુ સર્વે નં. ૭૫૭ પાયકી, ૭૫૮ પાયકી ૭૫૯/૧, ૭૫૯/૨, ૭૬૨/૧, ૭૬૨/૨, ૭૬૪, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૯/૧, ૭૬૯/૨, ૭૭૦, ૭૭૧, ૭૭૬, ૭૭૭, ૭૭૮, ૭૭૯, ૭૮૦, ૭૮૧/૧, ૭૮૧/૨ અને ૭૮૩, સિમ ગામ બાપોદ, જિલ્લો અને ઉપજિલ્લો વડોદરા. ચતુ: સીમા - ઉત્તર: સોસાયટી રોડ, દક્ષિણ: પ્લોટ નં. ૦૧૭૯, પૂર્વ: આર. એસ. નં. ૭૬૩ અને પશ્ચિમ: સોસાયટીનો રોડ

**તારીખ - ૧૯.૦૮.૨૦૨૫**
**સ્થળ - વડોદરા**
**નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)**
**અધિકૃત અધિકારી**
**ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**

**ટ્રુહોમ ફાયનાન્સ લિમિટેડ**
**( જે પહેલા શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)**
રજી. ઓફિસઃ શ્રીનિવાસ ટૉવર, ૧લો માળ, ડોર નં. ૫, ઓલ્ડ નં. ૧૧ ૨જી લેન, સેનેટોફા રોડ, અલવરપેટ, ટેયનેમ્પટ, ચેન્નાઈ- ૬૦૦૦૧૮
હેડ ઓફિસ :લેવલ ૩, વૉકહાર્ટ ટૉવર્સ, ઈસ્ટ વિન્ગ સી-૨, જી-બ્લોક,બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૫૧
વેબસાઈટ : http://www.truhomefinance.in

**સાંકેતિક કબ્જા નોટીસ**

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર 'ટ્રુહોમ ફાયનાન્સ લિમીટેડ(જે પહેલા શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (**જણાવેલ કાયદા**) નિયમો,૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.
કરજદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે.પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે,કે અહી નીચે સહી કરનાર ટ્રુહોમ ફાયનાન્સ લિમીટેડ(જે પહેલા શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)ના અધિકૃત અધિકારીએ જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)નીપેટા કલમ૮ મુજબ **૧૯/૦૮/૨૦૨૫ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો સાંકેતિક કબ્જો મેળવી લીધો છે.
કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો ટ્રુહોમ ફાયનાન્સ લિમીટેડ(જે પહેલા શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.
કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે

**કરજદારનું નામ અને સરનામું**

**૧) પઠાણ સઈમાબાનુ અનવરખાન,**
**હાલનું અને પરમાનેન્ટ સરનામું :૨૦૨૩/૫, હરણ વાળી પોલ, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧.**
**અન્ય :- ૧.૨) પઠાણ સઈમાબાનુ અનવરખાન**
**મિલ્કત સરનામું :- ફલેટ નં. ૫૦૩, ૫મો માળ, એફ.એસ. રેસીડેન્સી, અજવાડ રેસીડેન્સી પાસે, લક્ઝુરિયા રેસીડેન્સી રોડ, જુહાપુરા, અમદાવાદ- ૩૮૦૦૫૫.**
**૨. પઠાણ અનવરખાન અમિરખાન,**
**હાલનુ અને પરમાનેન્ટ સરનામું :- ૨૦૨૩/૫, હરણ વાળી પોલ, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧.**
**અન્ય : ૨.૨):- પઠાણ અનવરખાન અમિરખાન**
**મિલ્કત સરનામું :- ફલેટ નં. ૫૦૩, ૫મો માળ, એફ.એસ. રેસીડેન્સી, અજવાડ રેસીડેન્સી પાસે, લક્ઝુરિયા રેસીડેન્સી રોડ, જુહાપુરા, અમદાવાદ- ૩૮૦૦૫૫.**
**૩. પઠાણ બિલાલખાન અનવરખાન**
**હાલનું અને પરમાનેન્ટ સરનામું :૨૦૨૩/૫, હરણ વાળી પોલ, પાંચકુવા, કાલુપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧.**
**અન્ય :- ૩.૨): પઠાણ બિલાલખાન અનવરખાન**
**મિલ્કત સરનામું :- ફલેટ નં. ૫૦૩, ૫મો માળ, એફ.એસ. રેસીડેન્સી, અજવાડ રેસીડેન્સી પાસે, લક્ઝુરિયા રેસીડેન્સી રોડ, જુહાપુરા, અમદાવાદ- ૩૮૦૦૫૫.**

**માંગણા નોટિસ મુજબ બાકી રકમ**

રૂા. ૨૫,૩૮,૪૪૧/- (રૂપિયા પચ્ચીસ લાખ આડત્રીસ હજાર ચાર સો એકતાલીસ પુરા) જે તારીખ ૦૯.૦૪.૨૦૨૫ સુધી અંડર રેફ્રેન્સ ઓફ લોન એકાઉન્ટ નં. SHLHAHMD0002356 અને સાથે ઉપરોક્ત વ્યાજ અને અન્ય લાગત, ચાર્જિઝ અને ખર્ચા સાથે ચુકવી દેવી.
૧૩(૨) માંગણા નોટિસ તારીખ :- ૧૫.૦૪.૨૦૨૫

**ગિરો મિલ્કતનું વિવરણ**

તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર મિલ્કતમાં ફલેટ નં. ૫૦૩, ૫માં માળે, ખાતે ક્ષેત્ર માપ ૮૫ સ્કેવર મી. સાથે અલગથી અવિભાજીત શેર જગ્યામાં આ સ્કીમ એફએસ રેસીડેન્સી, તરીકે ઓળખાય જે નૉન એગ્રીકલ્ચરલ ફ્રી હોલ્ડ જગ્યા સર્વે /બ્લોક નં. ૬૦૧/૧ના ફાયનલ પ્લોટ નં. ૫૫ ના ટીપીએસ નં. ૮૫ મૌજે : સરખેજ, તાલુકાઃ વેજલપુર ડિસ્ટ્રીક્ટ ઓફ અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૪( પાલડી) સ્થિત છે.
મિલ્કતની બાઉન્ડ્રીઓઃ (માલિકાના દસ્તાવેજ મુજબ):-
પૂર્વે : ફલેટ નં. ૫૦૪, પશ્ચિમે : માર્જીનની જગ્યા, ઉત્તરે : માર્જીનની જગ્યા, દક્ષિણે :- ફલેટ નં. ૫૦૨
મિલ્કતની બાઉન્ડ્રીઓઃ (લાઈટ મુજબ): પૂર્વે : ફલેટ નં. ૫૦૪, પશ્ચિમે મિલ્કતનું માર્જીન, ઉત્તરે :- માર્જીન પછી અન્ય પ્લોટ, દક્ષિણેઃ પૈસેજ , લિફ્ટ પછી ફલેટ નં. ૫૦૨

સ્થળ : અમદાવાદ
તારીખ:૧૯.૦૮.૨૦૨૫
સહી/- અધિકૃત અધિકારી- ટ્રુહોમ ફાયનાન્સ લિમિટેડ
(જે પહેલા શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ તરીકે ઓળખાતી)

**ક્રિષ્ણા કેપિટલ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ**
(સીનઃ **L67120GJ1994PLC023803**)
**રજીસ્ટર્ડ ઓફિસઃ** ૪૦૩, મૌરયાન્સ એલાન્ઝા, પારેખ હોસ્પિટલ પાછળ, શ્યામલ ક્રોસ રોડ સેટેલાઈટ, અમદાવાદઃ ૩૮૦૦૧૫, ફોનઃ ૦૭૯- ૨૬૭૬૮૫૭૨, ૨૬૭૬૮૫૭૩,
ઈ-મેલઃksbspl@yahoo.in, વેબ સાઈટઃ www.kcsl.co.in

**૩૧મી વાર્ષિક સાધારણ સભા ની નોટીસ**

**ક્રિષ્ના કેપિટલ એન્ડ સિકયુરિટીઝ લિમિટેડ** ની ૩૧મી વાર્ષિક સાધારણ સભા, ભારત સરકારના કૉર્પોરેટ મંત્રાલય દ્વારા તેમના પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રીલ, ૨૦૨૦, પરિપત્ર નં. ૧૭/૨૦૨૦તા. ૧૩મી એપ્રીલ, ૨૦૨૦, પરિપત્ર નં.૨૦/૨૦૨૦તા. ૫મી મે, ૨૦૨૦, અને પરિપત્ર નં. ૦૨/ ૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ તા. ૫મી મે, ૨૦૨૨, પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ તા. ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨, પરિપત્ર નં. ૦૯/૨૦૨૩ તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ અને પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ તથા સિકયુરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા તેમના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, SEBI/HO/DDHS/P/CIR/2022/0063 તા. ૧૩મી મે, ૨૦૨૨ SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તા. ૦૫મી જાન્યુઆરી, ૨૦૨૩, પરિપત્ર નં. No. SEBI/HO/CFD/ CFD-PoD-2/P/CIR/2023/167 તા. ૦૭મી ઓક્ટોબર, ૨૦૨૩ અને પરિપત્ર નં. No. SEBI/HO/CFD/CFD-PoD-2/P/ CIR/2024/133 ૦૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના અંતર્ગત શુક્રવાર, ૧૯મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વીસી/ અન્ય ઓડિયો વિડિયો માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસ માં દર્શાવવામાં આવ્યા મુજબના બીઝનેસ હાથ ધરાશે.

૩૧મી વાર્ષિક સાધારણ સભા ની નોટીસ કે જેમાં પદ્ધતિ તથા ઇ-વોટિંગના સુચનો વર્ણવવામાં આવશે, કંપનીનાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના વાર્ષિક અહેવાલ સાથે જે સભ્યોને મોકલવામાં આવશે, જેઓને ઇ-મેઇલ કંપની/ તેઓના ડિપોઝીટરી પાર્ટિશીપંટ પાસે નોંધાયેલ છે.
જે સભ્યોના ઈ મેઈલ નોંધાયેલ નથી, તેઓએ વહેલી તકે નોંધણી કરાવવા વિનંતીઃ
A. જેઓના શેર ડિમેટ માધ્યમમાં છેઃ તેઓ પોતાના ડિપોઝીટરી પાર્ટિશીપંટ પાસે નોંધણી કરાવી શકે છે.
B. જેઓના ફિઝિકલ શેર્સ માધ્યમ માં છેઃ (i) કંપનીનાં રજીસ્ટાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ, એમ. સી. એસ. શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ, ૧૦૧, શતદલ કોમ્પલેક્ષ, ૧ લો માળ, બાટા શો રૂમ ની સામે, આશ્રમ રોડ, શ્રેયસ કોલોની, અમદાવાદઃ ૩૮૦૦૦૯. (ii) mcsataahmd@gmail.com ઉપર ઈ મેઈલ પણ કરી શકે છે.
જે સભ્યો, ડી મેટમાં શેર્સ ધરાવે છે, તેઓ માત્ર ૩૧મી વાર્ષિક સાધારણ સભા ની નોટીસ તથા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના વાર્ષિક અહેવાલ મેળવવાનાં હેતુસર, ઉપર વર્ણવેલ ઇ-મેઈલ આઈડી પર મેઇલ કરીને પોતાનો ઇ-મેઇલ નોંધણી કરાવી શકે છે.
કંપની ઈલેક્ટ્રોનિક મતદાન માટેની સુવિધા સભ્યોને પૂરી પાડશે. ૩૧મી વાર્ષિક સાધારણ સભા માં ભાગ લેવા માટેના સુચનો તથા ઈ-વોટિંગ કરવા માટેની પદ્ધતિ (જે સભ્યો ફિઝિકલ શેર્સ ધરાવે છે, અથવા જેઓએ નોંધાયેલ નથી, તેઓ માટે પણ) ૩૧મી વાર્ષિક સાધારણ સભા ની નોટીસમાં વર્ણવામાં આવશે.
૩૧મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ તથા વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નો વાર્ષિક અહેવાલ, કંપનીની વેબસાઈટ www.kcsl.co.in પર તથા સ્ટોક એક્સચેન્જની વેસાઇટ બીએસઈ ઉપર www.bseindia.com ઉપલબ્ધ કરવામાં આવશે.

સ્થળ : અમદાવાદ
તારીખઃ ૧૯-૦૮-૨૦૨૫
બોર્ડના હુકમથી
વતી ક્રિષ્ણા કેપિટલ એન્ડ સિક્યોરિટીઝ લિમિટેડ
સહી/
અશોકકુમાર અગ્રવાલ
મેનેજીંગ ડિરેક્ટર
ડિન ૦૦૯૪૪૭૩૫

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editiour : Mayur C. Bhatt

## AU Small Finance Bank rolls out UPI for NRE/NRO Accounts

Ahmedabad, AU Small Finance Bank (AU SFB), India's largest small finance bank, has launched?Unified Payments Interface (UPI) services?for its?Non-Resident External (NRE)?and?Non-Resident Ordinary (NRO)?account holders with international mobile numbers. This rollout follows the National Payments Corporation of India's directive allowing UPI transactions through international mobile numbers. With this enhancement,?Non-Resident Indians (NRIs)?across?12 countries including: Australia, Canada, France, Hong Kong, Malaysia, Oman, Qatar, Saudi Arabia, Singapore, the UAE, the UK, and the USA, can now link NRE/NRO accounts to UPI without an Indian SIM card. It will enable AU SFB's customers to make seamless, secure, and real-time payments for a range of transactions, including bill payments, money transfers, and merchant purchases within India. With AU SFB's implementation, eligible NRI customers can register for UPI using their international numbers, enjoying uninterrupted access to a full range of digital payment services without incurring additional charges or an Indian mobile connection. This development enhances the digital banking experiences for customers living abroad, while ensuring full compliance with Indian financial regulations.

## Cinépolis Launches All-Digital Gift Cards in Partnership with Pine Labs

Ahmedabad, Cinépolis India, the first international cinema exhibitor and one of the largest multiplex chains in the country, has launched its all-digital Cinépolis Gift Cards in partnership with Pine Labs. The new gift cards powered by Pine Labs' Issuing Business are designed to bring movie-goers closer to the magic of cinema by making it easier than ever to gift movie tickets and snacks in a single, seamless purchase, perfect for birthdays, celebrations, and festive occasions. Exclusively redeemable on the Cinépolis app and website, the gift cards can be used for the total transaction value, including both movie tickets and F&B purchases ensuring recipients enjoy the complete cinema experience. Customers can easily access and send these cards via leading platforms such as Woohoo, Amazon, Paytm, Hubble, and Park+, adding a touch of celebration to everyday moments. "Our goal is to constantly enhance the cinema experience, not just inside our theatres, but in how people connect with it. With our new digital gift cards, we're giving customers a simple and joyful way to treat loved ones to a movie outing, complete with their favourite snacks. It's convenient, thoughtful, and perfectly tailored for today's digital-first world." said Devang Sampat, Managing Director, Cinépolis India. (19-10)

## ARC Insulation & Insulators Limited to Launch IPO on August 21

